સપ્ટેમ્બર-૨૦૧૭, અંક નં. ૧૬ ઇ-ન્યુઝલેટર

# સ્માર્ટ રાજકોટ

**આ અંકની હાઇલાઇટ્સ**

- મહાત્મા ગાંધી અનુભૂતિ કેન્દ્રનું રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના વરદ્ હસ્તે ખાતમુહૂર્ત.
- રાજ્યના પાણી પુરવઠા અને પશુ-પાલન વિભાગ માન. મંત્રીશ્રી બાબુભાઇ બોખીરીયાની ઉપસ્થિતિમાં વોર્ડ નં. ૧ અને ૨માં ‘મા નર્મદા રથયાત્રા’ યોજાઇ.
- દક્ષિણ કોરીયાના સુઓના શહેરમાં યોજાયેલ વર્કશોપમાં મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાયએ પ્રેઝન્ટેશન રજુ કર્યુ.
- રાજકોટ સ્કલ્પચર પ્રોજેક્ટથી શહેરની ખુબસુરતી નિખરશે.
- મિશન સ્માર્ટ સિટી દ્વારા ફન સ્ટ્રીટ ખાતેના કાર્યક્રમમાં સફાઇ કામદારો નવી રૂ.૨૦૦/-ની નોટ આપવામાં આવી.

રાજકોટ મહાનગરપાલિકા, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન : ૦૨૮૧-૨૨૨૪૧૩૩, ફેક્સ : ૦૨૮૧-૨૨૨૪૨૫૮

## રાજકોટ ઉપર સીસીટીવી નેટવર્કની બાજ નજર..

### સ્માર્ટ રાજકોટ...સુરક્ષિત રાજકોટ...

# રાજકોટ આઇ-વે પ્રોજેક્ટ



રાજ્યના માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના વરદ્ હસ્તે આઇ-વે પ્રોજેક્ટનું લોકાર્પણ




રાજકોટ મહાનગરપાલિકા તથા રાજકોટ શહેર પોલીસના સંયુક્ત ઉપક્રમે શહેરની સલામતીના ભાગરૂપે પ્રથમ તબક્કાના રાજકોટ આઇ-વે પ્રોજેક્ટનું લોકાર્પણ રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ અવસરે માન. મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાય, મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની, પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગેહલોત ઉપસ્થિત રહેલ હતા.

આ અવસરે રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી એ જણાવેલ કે, મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળ્યા પછી રાજકોટ શહેરને CCTV કેમેરાથી સજ્જ કરવા ઇચ્છા વ્યક્ત કરેલ. આજે આ પ્રોજેક્ટનું લોકાર્પણ કરવામાં આવેલ છે તે બદલ રાજકોટ મહાનગરપાલિકા અને પોલીસ વિભાગને અભિનંદન આપું છું. CCTV કેમેરાથી કાયદો વ્યવસ્થા, ટ્રાફિક, ગુનાખોરી, દબાણ, સફાઇ, પાણી વિતરણ વિગેરે જેવી રાજકોટ મહાનગરપાલિકા તેમજ પોલીસ વિભાગને લગતી મોટાભાગની સમસ્યાઓનું ઝડપી નિરાકરણ થઇ શકશે. ભૂતકાળની સરકારોમાં લાલુ પ્રસાદ તેમજ મમતા બેનરજીના રેલ્વે મંત્રી તરીકેના કાર્યકાળમાં તેઓના રાજ્યો પુરતો વધુ ફાયદો થતો હતો. તે મુજબની સરકારની કાર્યપદ્ધતિ હતી. પરંતુ ભારતના દુરદેશી અને વિચક્ષણ વડા--પ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશના વિકાસ માટે યોગ્યતાનું ધોરણ અપનાવી, તે દિશામાં મક્કમ પણે આગળ વધી રહ્યા છે. દેશના શહેરોમાંથી કોઇ શહેરને સ્માર્ટ સિટી, સ્વચ્છ શહેર વિગેરે માટે યોગ્યતાના ચોક્કસ ધોરણો નક્કી કરી સાચા અર્થમાં ગુણવતાસભર વિકાસ કરવા પણ ભાર મુકયો છે. રાજકોટ શહેરે પણ જ્યારે આ ધોરણો સિધ્ધ કર્યા ત્યારબાદના તબક્કામાં રાજકોટ શહેરનો સ્માર્ટ સિટીમાં સમાવેશ થતા. શહેરના વિકાસ માટે કેન્દ્ર, રાજ્યની સરકારો તરફથી શહેરને વિકાસ માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ મળશે. સાચા અર્થમાં દેશનો વિકાસ કરવા માટે યોગ્યતાના માપદંડ મુજબ જ કાર્યરત રહેવું જરૂરી રહેશે. આટલા વર્ષો સુધી સરકાર ચાલી, પણ કમનસીબે આપણો દેશ નહોતો ચાલ્યો. હવે સરકાર અને દેશ બંને એક સાથે કદમ મિલાવીને ચાલે છે. સરકાર બધી દિશામાં વિકાસ માટે પુરતી સહાય કરી રહી છે, ગુજરાત અને રાજકોટ પણ આ દિશામાં આગળ વધી રહ્યા છે. વર્તમાન સમયમાં ગુજરાત પ્રોજેકટની પહેલ શરુ કરી છે. ગુજરાત રાજ્ય સમગ્ર દેશનું રોલ મોડેલ અને પાવરહાઉસ છે. જ્યારે રાજકોટ શહેર ગુજરાત રાજ્યનું રોલ મોડેલ છે. ચાલુ વર્ષે રાજ્યના સર્વાંગી વિકાસ માટે રૂ.૧,૭૨,૦૦૦ કરોડનું બજેટ મંજુર કરેલ છે. આ બજેટમાં મુકલ ૧૦૦% કામો તેમજ યોજનાઓ ચાલુ કરેલ છે. ચાલુ સાલમાં રાજ્યના ૪૦ જેટલા શહેરો, ૬ યાત્રાધામો વિગેરે માટે રૂ.૨૫૦

**કોઇ મહાનગરપાલિકા અને પોલીસ તંત્રએ સાથે મળીને આ પ્રકારનો કમ્બાઇન્ડ સીસીટીવી પ્રોજેક્ટ કાર્યરત કર્યો હોય તેવું ભારત દેશમાં પ્રથમવાર બન્યું છે. આવું પ્રથમ શહેર બનાવવાનો શ્રેય રાજકોટને ફાળે જાય છે.**





## રાજકોટ આઇ-વે પ્રોજેકટ

- કુલ ખર્ચ રૂા.૬૭ કરોડ
- પ્રથમ ફેઝનો ખર્ચ રૂા.૪૭ કરોડ
- કુલ ૯૭૩ કેમેરા પૈકી પ્રથમ ફેઝમાં ૪૮૭ સીસીટીવી કેમેરા લગાડવામાં આવેલ છે.
- ૧૪ જુદા-જુદા બગીચાઓમાં ફ્રી વાય-ફાય ઝોન બનાવવામાં આવેલ છે.
- ૧૦ જુદા-જુદા સ્થળો પર એલ.ઇ.ડી. ડિસ્પ્લે બોર્ડ લગાડવામાં આવેલ છે.
- ૨૦ જુદા જુદા સ્થળો પર પર્યાવરણની વિસ્તૃત માહિતી આપતા આઇ.ઓ.ટી. સેન્સર લગાડવામાં આવેલ છે.
- સમગ્ર પ્રોજેકટના સંચાલન માટે નાના મૌવા મલ્ટીએકટીવીટી સેન્ટર તેમજ રાજકોટ શહેર પોલિસ કમિશનર કચેરી એમ બે સ્થળોએ ઇન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવેલ છે.
- આ સીસીટીવી સર્વેલન્સ સિસ્ટમની એક ખાસ વિશેષતા એ છે કે તેમાં ANPR તેમજ RVLD ટેકનોલોજી ધરાવતા કેમેરા લગાવવામાં આવશે. આ ટેકનોલોજીની મદદથી નિયમ ભંગ કરનાર વ્યક્તિ માટે ઓટોમેટિક ઈ-ચલન જનરેટ થઇ શકે તેવી વ્યવસ્થા પણ કરી શકાશે. સીસીટીવી કેમેરા ૪૦૦ મી. દૂરના વાહનોની નંબર પ્લેટ પર આઇડેન્ટીફાઇ કરી શકે છે.
- ટ્રાફિકના નિયંત્રણ માટે ઇ-ચલન પ્રક્રિયા અમલમાં આવશે જેથી ગેરકાયદેસર પાર્કિંગ/વનવેમાં વાહન ચલાવનાર વગેરેને સીધુ તેના ઘરે દંડનું ઇ-ચલન મોકલવામાં આવશે.
- શહેરમાં થતાં ‘સ્કાડા’ સિસ્ટમની મદદથી પીવાના પાણીના વિતરણની વ્યવસ્થા તથા ડ્રેનેજ સિસ્ટમ અને શહેરની સ્ટ્રીટલાઇટોનું મોનિટરિંગ પણ મહાનગરપાલિકાના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરમાં થઇ શકશે.



કરોડના ખર્ચે આગામી ઓકટોબર ૨૦૧૭ સુધીમાં આ કામગીરી પૂર્ણ થઇ જશે. આઝાદીના ૭૧ વર્ષે પણ જાજરૂની ચિંતા કરવી પડે છે ભૂતકાળના ૪૫ વર્ષમાં કોઇએ આ ચિંતા કરી ન હતી, દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ સમગ્ર દેશ જાહેર શોચક્રિયામાંથી મુકત બને અને સ્વચ્છ ભારત મિશન હેઠળ દેશને સ્વચ્છ બનાવવાનું એક અભિયાન બનાવી, સ્વચ્છ ભારત ૨૦૨૨નો સંકલ્પ કર્યો છે અને તેના આધાર પણ ભારતને વિશ્વગુરુ બનાવવામાં આવશે. અંતમાં મુખ્યમંત્રીએ રાજકોટ શહેરની બીજા ફેઇઝના CCTV કેમેરા પ્રોજેકટ આજથી જ આગળ વધારવા જણાવેલ આને આ માટે પૈસાની કોઇ ચિંતા કરવાની જરૂર નથી તેમ તેમણે જણાવેલ.

આ અવસરે મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાયએ જણાવેલ કે, સ્માર્ટ રાજકોટ કેવી રીતે બને તે આજનું આ ઉત્તમ ઉદાહરણ છે. રાજકોટ આઇ-વે. પ્રોજેકટના કારને શહેરમાં કાયદો, વ્યવસ્થા, ટ્રાફિક, ગુનાખોરી વિગેરે ઉપર તીસરી આંખ નજર રાખી માહિતી આપશે. ૦૬ માસ પહેલા



## » સર્વેલન્સ સિસ્ટમ મોનિટરિંગ કંટ્રોલરૂમમાંથી
## » ગુના અંગે તરત જ પોલીસને જાણ કરશે



**CCTV કેમેરાથી કાયદો વ્યવસ્થા, ટ્રાફિક, ગુનાખોરી, દબાણ, સફાઇ, પાણી વિતરણ વિગેરે જેવી રાજકોટ મહાનગરપાલિકા તેમજ પોલીસ વિભાગને લગતી મોટાભાગની સમસ્યાઓનું ઝડપી નિરાકરણ થઇ શકશે.**



**શ્રી વિજયભાઇ રૂપાણી**
**માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત**



» શહેરમાં 172 લોકેશન પર 966 સીસીટીવી
» 20*8 ફૂટની વિશાળ સ્ક્રિન, 7 કોમ્પ્યુટર



» 07 કોમ્પ્યુટરમાં ડેટા થશે રેકોર્ડ
» 15 તાલિમબદ્ધ સ્ટાફ રાખશે નજર



» શહેરમાં 172 લોકેશન પર 966 સીસીટીવી
» 20*8 ફૂટની વિશાળ સ્ક્રિન, 7 કોમ્પ્યુટર

સામાજિક સંસ્થાના આગેવાનોએ મુખ્યમંત્રીશ્રીના સ્વાગત પ્રસંગે શહેરના CCTV કેમેરા પ્રોજેકટ માટે સહયોગ આપવા ખાત્રી આપેલ અને તેના સહયોગને કારને આ પ્રોજેકટનું આજ લોકાર્પણ થયું છે. તે માટે આ તમામ દાતાઓનો આભારી છું. વિશેષમાં મેયરશ્રીએ જણાવ્યું કે, હાલની સરકાર નિર્ણાયક, પારદર્શક, સંવેદનશીલ સરકાર છે. સરકાર એટલ સંવેદશિલ સરકાર એટલે શું ? ગૌ હત્યા માટે કાયદો બનાવવો ગેરમાર્ગે યુવાનોને જતા બચાવવા, દારૂ હૂકાબારનો કાયદો બનાવવો, સરકારની જુદી જુદી સેવાઓ માટે જુદી જુદી કચેરીઓમાં ધક્કા ખાવા ન પડે તે માટે ઘર આંગણે ત્રણ ત્રણ વખત સેવાસેત યોજવાનો નિર્ણય કરેલ છે. સરકારી શાળાના વિદ્યાર્થીઓ વિદ્યાકુંજ યોજના અંતર્ગત વિશિષ્ટ તાલીમ મેળવી પ્રાઈવેટ શાળા સાથેના વિદ્યાર્થીઓ સાથે કદમ મિલાવી રહયા છે. તેમજ આવા અનેક નિર્ણયો કરી સંવેદનશિલ સરકાર તરીકે ઉત્તમ ઉદાહરણ પુરું પાડયું છે. આ ઉપરાંત રાજકોટની આજુબાજુના વિસ્તારોને ગ્રીનઝોનમાંથી મુક્તિ આપી પારદર્શકનું ઉદાહરણ પુરું પાડેલ છે. રાજકોટને નવું એરપોર્ટ અદ્યતન બસ સ્ટેન્ડ, નવી હોસ્પિટલ, ભુતકાળમાં શહેરની પાણીની સમસ્યા કોઇએ હલ કરી નહિ, જયારે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ ફકત ૭ માસમાં સૌની યોજના હેઠળ કામગીરી પૂર્ણ કરી નર્મદાના નીર આજીડેમમાં ઠાલવી અને ખરેખર વિકાસને ચરીતાર્થ કર્યો છે.

ત્યારબાદ કાર્યક્રમની શરૂઆપમાં મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરેલ, જયારે રાજકોટ આઇ-વે પ્રોજેકટની માહિતી પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગેહલોતે સ્વાગત કરેલ, જયારે તમામ મહાનુભાવોનું પુસ્તક દ્વારા સ્વાગત સ્ટે. કમિટી ચેમરેનશ્રી પુષ્કર પટેલએ કરેલ.

આ પ્રસંગે BRTS અક્ષય ઉર્જા પ્રોજેકટ લોન્ચિંગ તેમજ સ્માર્ટ સિટી રાજકોટ હેકેથોન બુકનું વિમોચન માન. મુખ્યમંત્રીશ્રી ના વરદ હસ્તે કરવામાં આવેલ.

કાર્યક્રમનાં અંતે રાજકોટ મહાન--ગરપાલિકા દ્વારા શહેરના ગરીબ દર્દીઓને સહાયરૂપ થવાના શુભઆશયથી શહેરને જુદી જુદી હોસ્પિટલોને જેમાં શ્રી રણછોડદાસ બાપુ ચેરી. ટ્રસ્ટને આંખના ઓપરેશન માટે રૂા.30 લાખ, કેન્સર હોસ્પિટલમાં કેન્સરના દર્દીઓને ઓપરેશન, ક્રિમોથેરાપી તથા શેકની સારવાર માટે રૂા.૧૦ લાખ, બી ટી સવાણી કીડની હોસ્પિટલ-રાજકોટમાં શહેરના દર્દીઓને ડાલીસીસ તથા લાગત અન્ય સારવાર માટે રૂા.૧૦ લાખ, ઈન્ડિયન મેડીકલ સાય- -ન્ટીફીક રીસર્ચ ફાઉન્ડેશન (લાઇફ)માં શહેરમાં થેલેસેમીયા અંગે લોક જાગૃતિના કાર્યક્રમો તથા થેલેસીમીયા ટેસ્ટ માટે રૂા.પ લાખની સહાય, જુવેનાઇલ ડાયા--બીટીસ ફાઉન્ડેશન-રાજકોટ શહેર ના જુવેનાઇલ ડાયાબિટીસના દર્દીઓને ઈન્સ્યુલીન સીરીંજ તથા ગ્લુકોમીટર આપવા માટે રૂા.પ લાખના ચેક આપવામાં આવેલ. શ્રી સત્યસાંઇ હોસ્પિટલને પણ રૂા.પ૦ લાખની સહાયના ચેક અર્પણ કરવામાં આવેલ.

આ અવસરે ભારત સરકારના સાંસદ અને પૂર્વ કૃષિ મંત્રીશ્રી મોહનભાઇ કુંડારિયા, ગુજરાત મ્યુનિ. ફાઇનાન્સ બોર્ડના ચેરમેનશ્રી ધનસુખભાઇ ભંડેરી, રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઇ મીરાણી, શ્રી ખોડલધામ ટ્રસ્ટના ચેરમેનશ્રી નરેશભાઇ પટેલ, ધારાસભ્યશ્રી ભાનુબેન બાબરિયા, ભાજપ મહિલા મોરચાના પ્રભારીશ્રી અંજલીબેન રૂપાણી, ૬૯-વિધાનસભાના ઈન્ચાર્જ શ્રી નીતિનભાઇ ભારદ્વાજ, સ્ટે. કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ, ગૃહ વિભાગના અધિવ મુખ્ય સચિવ ઠાકુર, શેઠ બિલ્ડર્સના મુકેશભાઇ શેઠ, શ્રી ખોડલધામ ટ્રસ્ટના પ્રમુખશ્રી પરેશભાઇ ગજેરા, સરદાર બાયોકેમ્પ ઈન્ડસ્ટ્રીઝ ધર્મેશભાઇ વૈષ્ણવ, રોલેક્ષ રિંગ પ્રા.લી મનીષભાઇ માદેકા, પ્રશાંત કાસ્ટીંગ પ્રા. લી.ના શંભુભાઇ પરસાણા, ઈન્ડિયન ઇન્સ્ટી. ઓફ આર્કિટેક (સૌરાષ્ટ્રના ચેરમેન) શ્રી મૌલિકભાઇ ત્રિવેદી, રાજકોટ શહેર ભાજપ પૂર્વ મેયરશ્રી ઉદયભાઇ કાનગઢ, ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, શાસક પક્ષ નેતાશ્રી અરવિંદભાઇ રૈયાણી, દંડકશ્રી રાજુભાઇ અઘેરા, ચેમ્બર ઓફ કોમર્સના વી.પી. વૈષ્ણવ, અગ્રણી માંધાતાસિંહ જાડેજા, આજી GIDCના પ્રમુખશ્રી જમનભાઇ પટેલ તેમજ જુદી જુદી સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિ ઓ તેમજ શહેરીજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ હતા.

સ્માર્ટ રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકા, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ-૩૬૦૦૦૧. સપ્ટેમ્બર-૨૦૧૭



અત્યાર સુધી આપણે સૌ એવું બોલતા અને સાંભળતા આવ્યા છીએ કે, 'હાર્ડ વર્કનો કોઇ વિકલ્પ નથી' અને સમયાનુસાર એ ઉકિત સાચી પણ હતી. જો કે આ ઉકિતમાં અત્યારના ઇન્ફોર્મેશન, નોલેજ અને ટેકનોલોજીના યુગ સાથે સમન્વય સાધીને થોડો ફેરફાર કરી શકાય એમ છે. હવે લોકો કદાચ એમ કહે તો નવાઇ ના પામતા કે, 'માત્ર હાર્ડ વર્ક નહી પરંતુ સ્માર્ટ વર્કનો પણ કોઇ વિકલ્પ જ નથી'. આ વાત આજના અવસરને ધ્યાનમાં રાખીએ તો સંપૂર્ણપણે યથાર્થ ઠરે છે. રાજકોટ મહાનગરપાલિકા અને રાજકોટ શહેર પોલીસે રાજકોટને સખત પરિશ્રમ થકી ટેકનોલોજીની કમાલ સમું એક એવું ઇન્ટેલીજન્ટ સ્માર્ટ નેટવર્ક પ્રસ્થાપિત કરી આપ્યું છે કે તેની ચર્ચા અન્ય શહેરોમાં પણ થશે અને સંભવ છે કે અન્ય શહેરો પણ આ આધુનિક સિસ્ટમને અનુસરે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કેન્દ્ર સરકારશ્રીના સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ તથા 'સેઇફ એન્ડ સીકયોર ગુજરાત' પ્રોજેક્ટ અંતર્ગત રાજકોટ શહેરમાં સી.સી. ટીવી કેમેરા તથા અન્ય આઇ.ટી. ઇન્ફ્રાસ્ટક્ષકચર સુવિધાઓ ઉભી કરવા માટે એક મેગા પ્રોજેક્ટ 'રાજકોટ આઇ-વે પ્રોજેક્ટ' હાથ ધરવામાં આવેલ છે જેનું આજથી અમલીકરણ થઇ રહ્યું છે તે અવસરે માન. મુખ્યમંત્રીશ્રીએ રાજકોટ મહાનગરપાલિકા અને રાજકોટ શહેર પોલીસને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા.

રાજકોટ મહાનગરપાલિકાએ સ્માર્ટ સિટી મિશન હેઠળ પ્રથમ પ્રોજેક્ટ સફળતાપૂર્વક પૂર્ણ કરી તેને આજથી અમલી બનાવેલ છે. માત્ર એટલું જ નહિં કોઇ મહાનગરપાલિકા અને પોલીસ તંત્રએ સાથે મળીને આ પ્રકારનો કમ્બાઇન્ડ સીસીટીવી પ્રોજેક્ટ કાર્યરત કર્યો હોય તેવું ભારત દેશમાં પ્રથમવાર બન્યું છે. આવું પ્રથમ શહેર બનાવાનો શ્રેય રાજકોટને ફાળે જાય છે.

આપણો દેશ અને ગુજરાત વિકાસની હરણફાળ ભરી રહયા છે ત્યારે આપણું રંગીલું રાજકોટ શહેર પણ તેની સાથે કદમ મિલાવી રહ્યું છે.

રાજકોટ મહાનગરપાલિકા શહેરને ભૌતિક સાધન સુવિધાઓથી સજ્જ કરવાની સાથોસાથ આધુનિક જમાનાની લેટેસ્ટ ટેકનોલોજીના સહારે રાજકોટ શહેરને સેઇફ અને સિકયોર બનાવવાની દિશામાં રાજકોટ શહેર પોલીસ સાથે મળીને સંયુકતરીતે સીસીટીવી સર્વેલન્સ સિસ્ટમ એકટીવ કરેલ છે તે ખુબ જ આનંદની વાત છે.

કુલ રૂ.૬૩ કરોડનો ખર્ચ ધરાવતા આ પ્રોજેક્ટ અંતર્ગત રાજકોટ શહેરમાં અલગ અલગ મુખ્ય માર્ગો પણ જુદી જુદી આ પ્રોજેક્ટ હેઠળ પ્રથમ તબકકામાં કુલ ૯૭૩ કેમેરા પૈકી શહેરનાં તમામ મુખ્ય માર્ગો પણ ૪૮૭ સીસીટીવી કેમેરા, જાહેર જનતાને જાહેર હિતની માહિતી માર્ગદર્શન આપવા ૧૦ સ્થળોએ વિશાળ એલ.ઇ.ડી. સ્ક્રીન, ૧૪ વાઇ-ફાઇ એકસેસ ઝોન તથા તેમજ ૨૦ સ્થળોએ પર્યાવરણની વિસ્તૃત માહિતી આપતા સેન્સર આઇ.ઓ.ટી. (એન્વાયરમેન્ટ સેન્સર) ઇન્સ્ટોલ કરવામાં આવેલ છે. પ્રથમ તબકકામાં આ કામ માટે અંદાજે રૂા.૪૭,૫૦,૦૦,૦૦૦ જેટલો ખર્ચ થયો છે.

આ પ્રોજેક્ટ રાજકોટ મહાનગર--પાલિકાની અને રાજકોટ શહેર પોલીસની કામગીરીમાં મહત્વપૂર્ણ પૂરવાર થશે. મહાનગરપાલિકાની વાત કરીએ તો શહેરમાં કયા માર્ગ પર સફાઇ થઇ છે કે નથી થઇ, શહેરના માર્ગો પર વાહન પાર્કિંગ બરોબર નહી થવાને કારણે કયા કયા સ્થળે ટ્રાફિક સંબંધી પ્રશ્નો સર્જાય છે, કચરો ઉપાડતા વાહનો જે તે માર્ગને બરોબર આવરી લ્યે છે કે કેમ, મહાનગરપાલિકાના જુદા જુદા સંસ્થાનો અને જાહેર સંપતિનું મોનિટરિંગ વગેરે હેતુઓ માટે આ પ્રોજેક્ટ આશીર્વાદરૂપ પૂરવાર થશે.

મહાનગરપાલિકાની માલિકીના ખુલ્લા પ્લોટની જાળવાણીમાં આ પ્રોજેક્ટ કેવી રીતે ઉપયોગી થશે એ જાણીને તમોને નવાઇ લાગશે. ટેકનોલોજીના સહારે ખુલ્લા પ્લોટની વર્ચ્યુઅલ બાઉન્ડ્રી નિશ્ચિત કરવામાં આવી છે. લક્ષ્મણ રેખા સમી આ બાઉન્ડ્રી ક્રોસ કરી જો કોઇ વ્યકિત આ પ્લોટમાં પ્રવેશવાનો પ્રયાસ પણ કરશે તો તુર્ત જ મહાનગરપાલિકાના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરના ટ્રીપ વાયર એલાર્મ વાગી ઉઠશે. આવી રીતે જાહેર સંપતિમાં અનાધિકૃત દબાણ થતું સત્વરે અટકાવી શકાશે. આ જ પ્રકારે સિટી બસ અને બી.આર.ટી. એસ. બસ સ્પીડ લીમીટ ક્રોસ કરશે તો પણ તુર્ત વાગી ઉઠશે અને જે તે સંબંધિત ડ્રાઇવર સામે ઓન ધ સ્પોટ પગલાં લઇ શકાશે.

આ ઉપરાંત શહેરમાં થતા 'સ્કાડા' સિસ્ટમની મદદથી પીવાના પાણીના વિતરણની વ્યવસ્થા તથા ડ્રેનેજ સિસ્ટમ અને શહેરની સ્ટ્રીટ લાઇટોનું મોનિટરિંગ પણ મહાનગરપાલિકાના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરમાં થઇ શકશે.

જયારે આ પ્રોજેક્ટની તમામ કામગીરી પરિપૂર્ણ કરી લેવામાં આવશે ત્યારે રૂા.૪૭ કરોડના ખર્ચે મુખ્ય એક જ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર પણ શરૂ કરવામાં આવશે. આ સેન્ટર માત્ર મહાનગરપાલિકા કે શહેર પોલીસ જ નહી પરંતુ અન્ય સરકારી વિભાગોને પણ ઉપયોગી થઇ શકશે.

આ આધુનિક પ્રણાલીની મદદથી શહેરના ટ્રાફિક ઉપરાંત મનપાની સેવાઓ અને ફિલ્ડ કામગીરીનું મોનીટરિંગ પણ થઇ શકશે. સાથોસાથ શહેરના મોટા ગાર્ડન, આજી ડેમ, ન્યારી ડેમ, પમ્પિંગ સ્ટેશન, ગાર્બેજ કલેકશન સેન્ટર, વોર્ડ ઓફિસો, હોસ્પિટલો અને અન્ય યુટીલીટીઝ તેમજ અન્ય મહત્વપૂર્ણ જાહેર સ્થળો અને માર્ગો ઉપર નિરીક્ષણ કરી શકાશે.

મહાનગરપાલિકાએ સીસીટીવી ની સાથોસાથ ૧૦ જાહેર સ્થળોએ લોકોને માહિતી, માર્ગદર્શન અને જાહેર હિતની જરૂરી સૂચના આપવા માટે વિશાળ એલ.ઇ.ડી. સ્ક્રીન મુકયા છે જે રોજબરોજ તો ઉપયોગી છે જ પરંતુ કોઇ કટોકટી વખતે તે નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે.

રાજકોટવાસીઓને મહાનગર--પાલિકાએ બી.આર.ટી.એસ. ટ્રેક પર બસ સ્ટેન્ડ ખાતે ફ્રી વાઇ-ફાઇ સેવા આપ્યા બાદ હવે શહેરના અન્ય ૧૫ સ્થળોએ પણ લોકોને ફ્રી વાઇ-ફાઇ સેવા ઉપલબ્ધ બનાવી છે. અત્યારનો સમય જ્ઞાનનો યુગ કહેવાય છે ત્યારે આ સુવિધા આપતી વખતે મહાનગરપાલિકાએ શૈક્ષિણક સંકુલો કવર થતા હોય વિસ્તારો ખાસ પસંદ કરેલ છે જેથી વિદ્યાર્થી ભાઇ-બહેનો તેનો ઉપયોગ કરી શકે. આ ઉપરાંત શહેરના કેટલાક ગાર્ડન પણ તેમાં આવરી લીધા છે. શહેરમાં ૨૦ સ્થળોએ પર્યાવરણની વિસ્તૃત માહિતી આપતા અન્વાયરમેન્ટ સેન્સર ઇન્સ્ટોલ કર્યા છે. આ સિસ્ટમની મદદથી મહાનગરપાલિકાને શહેરમાં કેટલું તાપમાન છે, કેટલું પ્રદુષણ છે અને વાતાવરણમાં ભેજનું પ્રમાણ કેટલું છે વગેરે જેવી માહિતી પણ આસાનીથી ઉપલબ્ધ બનશે, જે રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઇટ ઉપર પણ સતત નિહાળી શકાશે.

રાજકોટ શહેર પોલીસના દ્રષ્ટિકોણથી વિચારીએ તો આ સીસીટીવી પ્રોજેક્ટ કાયદાનો ભંગ કરનાર લોકોને ઝડપી લેવામાં ઉપયોગી બનશે. ટ્રાફિકનાં નિયંત્રણ માટે ઇ-ચલણ પ્રક્રિયા અમલમાં આવશે જેથી ગેરકાયદેસર પાર્કિંગ/વન-વે માં વાહન ચલાવનાર વગેરે ને સીધુ જ તેના ઘરે દંડનું ઇ-ચલણ મોકલવામાં આવશે.આ પ્રોજેક્ટથી ગુન્હા બનતા અટકાવી પણ શકાશે.

આ આધુનિક સીસીટીવી સર્વેલન્સ સિસ્ટમના મોનિટરિંગ માટે અલગ અલગ બે સ્થળોએ કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવેલ છે. આ સીસીટીવી સર્વેલન્સ સિસ્ટમની એક ખાસ વિશેષતા એ રહેશે કે, તેમાં ઓટોમેટિક નંબર પ્લેટ રેકગ્નીશન તેમજ રેડ લાઇટ વાયોલેશન ડીટેકશન ટેકનોલોજી ધરાવતા કેમેરા લગાવવામાં આવશે. આ ટેકનોલોજીની મદદથી નિયમ ભંગ કરનાર વ્યકિત માટે ઓટોમેટિક ઇ-ચલન જનરેટ થઇ શકે તેવી વ્યવસ્થા પણ કરી શકાશે. સીસીટીવી કેમેરા ૪૦૦ મી. દુરના વાહનોની નંબર પ્લેટ પણ આઇડેન્ટિફાય કરી શકે છે અને અન્ય સરકારી સંસ્થાઓ સાથેના ડેટા શેરિંગની મદદથી તેના આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન સહિતની માહિતી ઓન ધ સ્પોટ ટીવી સ્ક્રીન પર ચમકી જાય છે. રેડ લાઇટ વાયોલેશન અને અન્ય નિયમ ભંગના કિસ્સાઓમાં ઇ-ચલન જનરેટ થશે અને જે તે વાહન માલિક-ચાલકના ઘેર મેમો પહોંચી જઇ શકે તેવી સિસ્ટમ કાર્યરત થઇ શકશે.

# મહાત્મા ગાંધી અનુભૂતિ કેન્દ્રનું નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના વરદ્ હસ્તે ખાતમુહૂર્ત

## રાજકોટની આલ્ફ્રેડ હાઇસ્કૂલ વિશ્વ કક્ષાના મ્યુઝિયમમાં રૂપાંતરીત થશે.



**રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં. ૧ રૈયાધાર ખાતે નિર્માણ પામેલ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું લોકાર્પણ તથા મા નર્મદા મહોત્સવ રથયાત્રાનું સમાપન, કેન્સર હોસ્પિટલનું લોકાર્પણ તથા ULC રહેણાંક માટે સનદ વિતરણ કાર્યક્રમ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના વરદ્ હસ્તે યોજાયો**





રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૧૫-૯-૨૦૧૭ના રોજ વોર્ડ નં. ૧ રૈયાધારા ખાતે રૂા.૩૫.૧૬ કોરડના ખર્ચે નિર્માણ પામેલ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું લોકાર્પણ તથા મોહનદાસ ગાંધી વિદ્યાલય આલ્ફ્રેડ હાઇસ્કુલ ખાતે રૂા.૧૫ કરોડના ખર્ચે બનનાર મહાત્મા ગાંધી અનુભૂતિ કેન્દ્રનું ખાતમુહૂર્ત તથા મા નર્મદા મહોત્સવ રથયાત્રાનું સમાપન કેન્સર હોસ્પિટલનું લોકાર્પણ તથા ULC રહેણાંક માટે સનદ વિતરણ કાર્યક્રમ રાજયના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના વરદ હસ્તે યોજાયો. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને માન. મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાય ઉપસ્થિત.

આ પ્રસંગે સાંસદ અને પૂર્વ કૃષિમંત્રીશ્રી મોહનભાઇ કુંડારિયા, ધારાસભ્ય અને પૂર્વ ઉર્જા મંત્રીશ્રી ગોવિંદભાઇ પટેલ, ગુજરાત મ્યુનિ. ફાઇનાન્સ બોર્ડના ચેરમેનશ્રી ધનસુખભાઇ ભંડેરી, રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઇ મીરાણી, ધારાસભ્ય શ્રી ભાનુબેન બાબરિયા, ૬૯-વિધાનસભાના ઈન્ચાર્જ નીતિનભાઇ ભારદ્વાજ, રાજકોટ શહેર ભાજપ પૂર્વ પ્રમુખશ્રી ભીખાભાઇ વસોયા, ડેપ્યુટી મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, સ્ટે. કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ, મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની, રાજકોટ શહેર ભાજપ મંત્રીશ્રી ચારૂબેન ચૌધરી, રાજકોટ શહેર ભાજપ ઉપપ્રમુખશ્રી મનિષભાઇ ભટ્ટ, રાબીયાબેન સરવૈયા, રાજકોટ શહેર ભાજપ કોષાદયક્ષશ્રી અનિલભાઇ પારેખ, શાસક પક્ષ નેતાશ્રી અરવિંદભાઇ રૈયાણી, શાસક પક્ષ દંડકશ્રી રાજુભાઇ અઘેરા, ડ્રેનેજ કમિટી ચેરમેનશ્રી દેવરાજભાઇ મકવાણા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેનશ્રી જયમીનભાઇ ઠાકર, બાંધકામ સમિતિ ચેરમેનશ્રી મુકેશ રાદડિયા, વોર્ડ નં. ૧ના કોર્પોરેટરોશ્રી આશિષભાઇ વાગડિયા, શ્રી અંજનાબેન મોરઝરીયા, શ્રી દુર્ગાબા જાડેજા, વોર્ડ નં. ૭ના કોર્પોરેટરો શ્રી કશ્યપભાઇ શુકલ, શ્રી અજયભાઇ પરમાર, શ્રી હિરલબેન મહેતા, શ્રી મીનાબેન પારેખ, વોર્ડ નં. ૬ના કોર્પોરેટરશ્રી દલસુખભાઇ જાગાણી, શ્રી દેવુબેન જાદવ, શ્રી સજુબેન કળોતરા, વોર્ડ પ્રભારીઓ શ્રી દિલીપભાઇ પટેલ, શ્રી સુરેન્દ્રસિંહ વાળા, શ્રી પરેશભાઇ પીપળીયા, શ્રી માવજીભાઇ ડોડીયા, વોર્ડ પ્રમુખશ્રી રસીકભાઇ બદ્રકીયા, શ્રી જીતુભાઇ સેલારા, શ્રી ઘનશ્યામભાઇ કુંગશીયા, શ્રી ભીખુભાઇ ડાભી, વોર્ડ મહામંત્રીશ્રી કાનજીભાઇ ખાણઘર, શ્રી ભાવેશભાઇ પરમાર, શ્રી રમેશભાઇ પંડયા, શ્રી કિરીટભાઇ ગોહીલ, શ્રી જગાભાઇ રબારી, શ્રી દુષ્યંતભાઇ સંપટ, શ્રી રત્નાભાઇ મોરી, શ્રી મયુરભાઇ બથવાર તેમજ વિસ્તારના અગ્રણીઓ, રહેવાસીઓ વિગેરે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે જણાવ્યું હતું કે, શાસક પક્ષ અને તંત્ર દ્વારા આજરોજ જુદા જુદા કામોના લોકાર્પણ તથા ખાતમુહૂર્ત યોજી, લોકોની સુખાકારીમાં વધારો કરેલ છે. તે બદલ તેમણે શાસકોને તથા તંત્રને અભિનંદન પાઠવેલ. સરદાર સરોવરનું કામ પૂર્ણ થાય તેની ગુજરાતના લોકો વર્ષોથી રાહ જોઇ રહયા હતા. વર્ષો સુધી આ કામગીરી પૂર્ણ થયેલ નહિ. ૧૯૯૫માં ભાજપની સરકારે શાસનધુરા સંભાળેલ અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી કેશુભાઇ પટેલ નર્મદા યોજનાનું કામ આગળ ધપાવવા કાર્યવાહી કરી પરંતુ, કેન્દ્રની કોંગ્રેસની સરકાર અને અન્ય રાજયો દ્વારા તેનો વિરોધ કરી, આ મહત્વ પૂર્ણ કામને ખોરંભે પાડેલ. ત્યારબાદ ૨૦૦૧માં નરેન્દ્રભાઇ મોદી ગુજરાતના મુખ્યમંત્રી બન્યા બાદ નર્મદાની ઉંચાઇ વધારવાનું અટકી ગયેલ કામ આગળ વધારવા પ્રયત્ન કરેલ. કેન્દ્રની કોંગ્રેસની સરકાર દ્વારા મંજૂરી ન મળતા ગુજરાતના માન. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી ઉપવાસ ઉપર ઉતરેલ. કોંગ્રેસ સરકાર હચમચી ગઇ અને નર્મદા બંધની ઉંચાઇ વધારવાની મંજૂરી આપવી પડી. ઉંચાઇની કામગીરી બાદ ફરી દરવાજા ચડાવવા માટે કેન્દ્ર દ્વારા મંજૂરી મળતી ન હતી. પરંતુ ગુજરાત નશીબ ખુલતા કેન્દ્રમાં ભાજપની સરકાર આવી અને વડાપ્રધાન તરીકે નરેન્દ્રભાઇ મોદી સતારૂઢ થયાની સાથે માત્ર ૧૭ દિવસમાં દરવાજા મુકવાની મંજૂરી આપી, અને ત્યારબાદ ચાલુ વર્ષના ચોમાસા પહેલા આ દરવાજા બંધ થાય તે માટે રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ રજૂઆત કરતા, દરવાજા બંધ કરવા માટેની પણ તાત્કાલિક મંજૂરી મળી ગઇ અને દરવાજા તાત્કાલિક બંધ પણ દેવામાં આવ્યા. સરદાર સરોવરની કામગીરી પૂર્ણ થયેલ ત્યારે ગુજરાતના શહેરીજનોને તેની જાણકારી મળે તે માટે સમગ્ર ગુજરાતમાં મા નર્મદા મહોત્સવ રથયાત્રા યોજવામાં આવેલ. સરદાર સરોવર માટે જેઓએ ખુબ જ જહેમત ઉઠાવેલ છે તેવા ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના આગામી જન્મ દિવસે સરદાર સરોવર યોજના રાષ્ટ્રને અર્પણ કરવામાં આવશે. નર્મદા યોજનાથી સિંચાઇ માટે, લોકોને, પશુઓ

> **“ રાજકોટમાં પણ ગાંધીજી એ જયાં અભ્યાસ કર્યો છે ત્યાં મહાત્મા ગાંધી અનુભૂતિ કેન્દ્ર બનવાથી દેશ વિદેશના પર્યટકો રાજકોટ આવશે. અને શહેરની એક આગવી ઓળખ ઉભી થશે. ”**
>
> **- શ્રી નીતિનભાઇ પટેલ**
> **માન. નાયબ મુખ્યમંત્રીશ્રી, ગુજરાત**




પક્ષીઓ પીવાના પાણી મળી રહેશે. ૧૯૬૦થી નર્મદા યોજનાની વાતો સાંભળતા, પરંતુ કોંગ્રેસ શાસન- -કાળમાં ફકત વાત જ રહી. ભાજપે ગામડાઓ, શહેરોમાં આંગણવાડી ઓ, આવાસ યોજના, આરોગ્ય કેન્દ્રો, રસ્તાઓ સહિતની જુદી જુદી યોજનાઓનો અમલ કરી, અનેક વિકાસ કામો કરેલ છે.

વિશેષમાં, નાયબ મુખ્યમંત્રીશ્રી એ જણાવેલ કે, અમદાવાદથી રાજકોટનો રસ્તો ૬ લેનનો થાય તેમજ રાજકોટ થી મોરબીનો રસ્તો ૪ લેનનો બને તે માટે સરકાર દ્વારા રૂા.૨,૫૦૦ કરોડના ટેન્ડરોદ મંજુર થઇ ગયેલ છે. અને આગામી ટૂંક સમયમાં તેનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવશે. અમદાવાદ હેરીટેજ સિટી જાહેર થયેલ છે. તેમ રાજકોટમાં પણ ગાંધીજીએ જયાં અભ્યાસ કર્યો છે ત્યાં મહાત્મા ગાંધી અનુભૂતિ કેન્દ્ર બનવાથી દેશ વિદેશના પર્યટકો રાજકોટ આવશે. અને શહેરની એક આગવી ઓળખ ઉભી થશે. આ મ્યુઝિયમ બનાવવા ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીનો ખુબ જ આગ્રહ હતો. જેનું આજે ખાતમુહૂર્ત થયું છે.

આ પ્રસંગે સાંસદશ્રી મોહનભાઇ કુંડારિયાએ જણાવ્યું કે, છેલ્લા ૧૦ દિવસથી રાજયભરમાં માં નર્મદા રથયાત્રા ફરી રહી છે. રાજકોટ શહેર અને જિલ્લામાં દરેક સ્થળોએ અબાલ વૃદ્ધ દ્વારા તેનું અનેરુ સ્વાગત કર્યું છે. લોકોને જાણ થઇ છે કે, જેના સ્મરણ માત્રથી પાવન થવાય છે તે નર્મદાનું પાણી હવે સવારમાં ઉઠતાવેત લોકોને તૃપ્તિ કરાવે છે. ઉદગમ સ્થાનથી છેક ૧૩૦૦ કિ.મી.ની યાત્રા કરી, આ પાણી લોકોના ઘર સુધી પહોચે છે. મારા સાંસદ સભ્ય તરીકેના સમગ્ર કાર્યકાળ દરમિયાન મારા મતે ‘સૌની યોજના’ એ શ્રેષ્ઠ કામ છે. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની દીર્ઘ દ્રષ્ટિનું પરિણામ છે. વૈશાખના ધોમ ધખતા તડકામાં પણ જયારે પાઇપલાઇન કે કેનાલ દ્વારા નર્મદાનું પાણી ડેમમા પડતું જોવા મળે ત્યારે દરેક લોકોની આંખમાં હર્ષના આંસુ આવી ગયેલ. તેનો સહર્ષ સ્વીકાર કરવો જ પડે.

આ પ્રસંગે માન. મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાયે જણાવ્યું કે, આજરોજ શહેરને આંગણે પંચામૃત કાર્યક્રમો થયા છે તે આનંદની વાત છે, શહેરના તમામ વોર્ડમાં નર્મદા રથ ધામધૂમપૂર્વક ફર્યો છે. હજારો લોકો તેને વધાવતા હતા. વડીલો પણ તેને આવકારવા ઉત્સુક હતા. મલીન માનસિકતા ધરાવતા લોકોએ આ રથયાત્રામાં રોડા નાખવાનો પ્રયત્ન કર્યો પરંતુ તેઓને જજસમર્થન ન હતું. તેની વિઘ્ન નાખવાનું બંધ કર્યું. તેનું એક માત્ર કારણ લોકોને નર્મદાનું પાણી મળતું થયું તે છે. રાજકોટમાં અનેકવિધ કાર્યક્રમો થઇ રહયા છે લોકો તે જોઇને ખુશ થાય છે. વિઘ્ન સંતોષીઓને પાણી વિશે બોલવાનો અધિકાર જ નથી કારણ તેઓએ દરવાજા માટે મંજૂરી આપી ન હતી. આપણા સદનસીબે નરેન્દ્રભાઇ મોદીના હસ્તે નર્મદા ડેમની ઉંચાઇ વધારવાની મંજૂરી મળી અને દરવાજા ચડયા. સૌરાષ્ટ્રમાં પાણીનો દુકાળ ભૂતકાળ બન્યો. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા એક્ષપ્રેસ ફીડરલાઇન નાખી, એક ડેમમાંથી બીજા ડેમમાં પાણી લઇ જવાનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત મ્યુનિસિપલ કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ કરેલ જયારે મહાનગરપાલિકાના પદાધિકારીઓશ્રીઓ, શહેર ભાજપ ના હોદ્દેદારો તથા ઉપસ્થિત તમામ કોર્પોરેટર દ્વારા શ્રી નીતિનભાઇ પટેલનું ફૂલહારથી સ્વાગત કરવામાં આવેલ. તમામ મહેમાનોનું પુસ્તક વડે સ્વાગત સમાજ કલ્યાણ સમિતિ ચેરમેનશ્રી જયમીનભાઇ ઠાકર, બાંધકામ સમિતિ ચેરમેનશ્રી મુકેશ રાદડિયા, તેમજ ડ્રેનેજ સમિતિ ચેરમેનશ્રી બાબુભાઇ આહીર દ્વારા કરવામાં આવ્યું. તેમજ માંડ ડુંગર વિસ્તારના કનૈયા ગ્રુપના યુવાનો દ્વારા રાસ રજુ કરવામાં આવેલ. નાયબ મુખ્યમંત્રી તથા ઉપસ્થિત મહેમાનો દ્વારા લાભાર્થીઓને ગીહની રહેણાંક હેતુ માટેની જમીનની સનદ આપવામાં આવેલ. જયારે કાર્યક્રમના અંતે આભાર વિધિ સ્ટે. કમિટી ચેરમેનશ્રી પુષ્કર પટેલ કરેલ હતું.




## મ્યુઝિયમની વિશેષતાઓ

મહાત્મા ગાંધીજીના વિદ્યાર્થી- -કાળના સંસ્મરણો તથા તેમના જીવનચરિત્ર સંબધિત મ્યુઝિયમ બનાવવા માટે જુદા જુદા પ્રકારની વિશેષતાઓ ઉપલબ્ધ કરવામાં આવશે.

- **મીની થિએટર**
- **દાંડી યાત્રાનો ડાયોરામા**
- **ગાંધીજીના જીવન કાર્યો તથા આદર્શોને વિવિધ રીતે વર્ણન કરતા ચિત્રો.**
- **કટઆઉટ**
- **મલ્ટીપલ સ્ક્રીન્સ**
- **મોશન ગ્રાફીકસ એનિમેશન**
- **ઓગમેન્ટેડ રીયાલીટી**
- **સર્કયુલર વિડીયો પ્રોજેકશન ૩-ડી પ્રોજેકશન મેપીંગ ફિલ્મ**
- **વિશાળ વિડીયો આર્ક વોલ**
- **મોન્યુમેન્ટલ લાઇટીંગ**
- **વી.આઇ.પી. લોન્જ**
- **દેશ વિદેશના પર્યટકો સાથે સંકળાયેલ લાઇબ્રેરી**
- **ગાંધીજીના જીવન ચરિત્ર સાથે સંકળાયેલ લાઇબ્રેરી**
- **મ્યુરલ - પ્રાર્થના હોલ**
- **ઇન્ટરેકટીવ મોડ ઓફ લર્નિંગ**
- **જુદા જુદા દેશના પર્યટકો માટે આશરે ૭ થી વધુ ભાષાઓમાં ગાંધીજીના જીવનચરિત્ર પરનું વર્ણન થઇ શકશે.**

## રાજકોટ મહાનગરપાલિકા દ્વારા

# 'માં નર્મદા રથયાત્રા'નું આયોજન

### રાજયના પાણી પુરવઠા અને પશુ-પાલન વિભાગના માન. મંત્રીશ્રી બાબુભાઇ બોખીરીયાની ઉપસ્થિતિમાં પ્રારંભ



રાજય સરકાર દ્વારા મા નર્મદા મહોત્સવની ઉજવણી સમગ્ર રાજયમાં થનાર છે જેના અનુસંધાને તા. ૬-૯-૨૦૧૭ના રોજ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં. ૧ અને ૨ માં નર્મદા રથયાત્રાનો શુભારંભ રાજયના પાણી પુરવઠા અને પશુ-પાલન વિભાગના માન. મંત્રીશ્રી બાબુભાઇ બોખીરીયાના વરદ હસ્તે કરાયો.

આ કાર્યક્રમના અધ્યક્ષસ્થાને માન. મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાય ઉપસ્થિત રહેલ. સાંસદશ્રી મોહનભાઇ કુંડારિયા, ધારાસભ્યશ્રી ગોવિંદભાઇ પટેલ, સંસદીય સચિવશ્રી પટેલ, શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઇ મીરાણી, ધારાસભ્યશ્રી ભાનુબેન બાબરિયા, ૬૯-વિધાનસભાના ઇન્ચાર્જ નીતિનભાઇ ભારદ્વાજ, ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, સ્ટે. કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ, મ્યુનિસિપલ કમિશનરશ્રી બંછાનિધિ પાની, શહેર ભાજપ મહામંત્રીશ્રી દેવાંગભાઇ માંકડ, કિશોરભાઇ રાઠોડ, શાસક પક્ષ નેતાશ્રી અરવિંદભાઇ રૈયાણી, દંડકશ્રી રાજુભાઇ અઘેરા, કોર્પોરેટર શ્રી દેવરાજભાઇ મકવાણા, શ્રી દુર્ગાબા જાડેજા, શ્રી અંજનાબેન મોરજરીયા, શ્રી મનીષભાઇ રાડીયા, શ્રી જયમીનભાઇ ઠાકર, અશ્વિનભાઇ ભોરણીયા, વોર્ડ નં. ૧ના પ્રમુખશ્રી રસિકભાઇ ભદ્રકિયા, મહામંત્રી યુવરાજસિંહ ચુડાસમા, વોર્ડ નં. ૨ પ્રભારીશ્રી નરેન્દ્રસિંહ ઠાકુર, પ્રમુખશ્રી રાજેન્દ્રસિંહ ગોહિલ, મહામંત્રીશ્રી ધૈર્યભાઇ પારેખ, શ્રી જયસુખભાઇ પરમાર, રાધેશ્યામ ગૌ શાળા, આશાપુરા મંદિર તથા નાગેશ્વર મંદિરના મહંતશ્રીઓ, રાજકોટ મહાનગર--પાલિકાના ડે. કમિશનરશ્રી હાલાણી, નંદાણી, તેમજ જુદી જુદી શાખાના અધિકારીઓ સ્થાનિક વિસ્તારના રહેવાસીઓ વિગેરે ઉપસ્થિત રહેલ હતા.

આ પ્રસંગે પાણી પુરવઠા મંત્રીશ્રી બાબુભાઇ બોખીરીયાએ જણાવેલ કે, નર્મદા ડેમ બાંધવાનો સૌ પ્રથમ વિચાર વર્ષ ૧૯૪૬માં સરદાર વલ્લભભાઇ પટેલે કરેલ. ગુજરાત સરકાર દ્વારા અગાઉની સરકારે નર્મદા ડેમ બાંધવાની પ્રક્રિયામાં વર્ષો વિતાવેલ તે કામગીરી રાજયના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળની ભાજપ સરકાર દ્વારા કરવામાં આવેલ છે નરેન્દ્રભાઇ મોદીએ વડાપ્રધાન તરીકે સત્તારૂઢ થયાના ૧૭માં દિવસે નર્મદા ડેમના દરવાજા ચડાવવાની મંજૂરી આપવામાં આવેલ. આ યોજનાથી રાજયની ૧૮ લાખ હેકટર જમીન પિયત થશે તથા પીવાના પાણી તથા ખેડૈતો માટેના પાણીનો પ્રશ્ન કાયમને માટે હલ થશે. રાજકોટ શહેરને ૨૭૦ એમ.એલ.ડી. કાયમી પાણીની જરૂરિયાત છે નર્મદાનું પાણી આજીમાં આવતા, શહેરનો પીવાના પાણીનો પ્રશ્ન હંમેશને માટે હલ થયેલ છે. સૌની યોજનામાં ૩ મીટર વ્યાસની પાઇપલાઇન નાખવામાં આવેલ છે રાજયના ૧૧૫ ડેમો નર્મદાના પાણીથી ભરવામાં આવશે તેમજ ભવિષ્યમાં પણ










મુશ્કેલી ન પડે તે માટે ખારા પાણીમાંથી મીઠું પાણી બનાવવા માટેના પ્રોજેક્ટની કામગીરીની ટેન્ડર પ્રક્રિયા થઇ ગયેલ છે રાજકોટ, જામનગર, પોરબંદર જેવા સૌરાષ્ટ્રના મુખ્ય શહેરોની પાણીની તકલીફ કાયમી ધોરણે દુર થઇ ગયેલ છે.

સાંસદ અને પૂર્વ કૃષિ મંત્રીશ્રી મોહનભાઇ કુંડારિયાએ આ પ્રસંગે જણાવેલ કે, નર્મદાના પાણીથી સૌરાષ્ટ્ર પ્રદેશના પીવાના પાણીનો કાયમી પ્રશ્ન હલ થયેલ છે. માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૨૦૧૨માં ૧૧૫ ડેમો ભરી શકાય એવી યોજના મુકેલ હતી અને આ યોજના સાકાર થઇ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના તથા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના સહિયારા પ્રયત્નોથી આ યોજના સાકાર થયેલ છે તેમન મા નર્મદા રથયાત્રા મહોત્સવ આપવા વોર્ડમાં આવે ત્યારે સૌ તેમના વધામણા કરી તેનું ઋણ અદા કરવા તેમણે શહેરીજનોને અપીલ કરી હતી.

ધારાસભ્યશ્રી અને પૂર્વ ઉર્જા મંત્રીશ્રી ગોવિંદભાઇ પટેલે જણાવ્યું હતું કે, નર્મદાના નીર વગરના સૌરાષ્ટ્રની સ્થિતિ કલ્પના કરી શકાય તેમ નથી. પૂર્વ સત્તાધારી પક્ષ દાયકાઓ સુધી નર્મદા ડેમની કામગીરી કરી ન શકયો જે ભાજપ દ્વારા ખુબ જ ટુંકા સમયગાળામાં સાકાર કરવામાં આવેલ છે. મા નર્મદાનું અવતરણ આશીર્વાદ સમાન છે. જેટલું ગંગા મૈયામાં સ્થાન મહાત્મ્ય છે તેટલું જ માહાત્મ્ય નર્મદા મૈયાના દર્શનનું છે.

માન. મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાયે જણાવેલ કે, આજથી નર્મદા યાત્રાનો પ્રારંભ થાય છે ત્યારે આપણે પણ પાણીની કિંમત સમજીએ. અપૂરતા વરસાદને કારણે પડતી પાણીની મુશ્કેલીઓ આપણે સૌએ જોઇ છે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના નકકર આયોજનથી નર્મદા પાઇપલાઇન આજીડેમ સાથે જોડી, રાજકોટનો પાણીનો પ્રશ્ન કાયમી ધોરણે હલ કરેલ છે. આજે ૨ થી ૩ વખત આજી ડેમ ઓવરફલો થઇ ગયેલ છે પાણીની મુશ્કેલી શહેર માટે ભૂતકાળ બની ગયેલ છે પૂર્વ શાસકોને પાણી વિષે ટિપ્પણી કરવાનો કોઇ અધિકાર નથી. નર્મદા ડેમ પર પાટિયા લગાવવાની મંજૂરી મેળવવા માટે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને ઉપવાસ પર ઉતરવું પડ્યું હતું તે સૌ કોઇ જાણે છે. માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ પાઇપલાઇન બિછાવવાનું જે કામ ૧૮ મહિનામાં પૂરું થાય તે કામ માત્ર ૭ માસના ટૂંકા સમયગાળામાં યુધ્ધના ધોરણે પૂરું કરાવેલ છે પાણીનો વ્યય ન થાય તે માટે તેમજ નર્મદા રથયાત્રાનું દરેક વોર્ડમાં ભવ્ય સ્વાગત કરી અને તેના વધામણા કરવા શહેરીજનોને તેમણે અપીલ કરી હતી.

કાર્યક્રમનું સ્વાગત પ્રવચન મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ કરેલ તેમજ ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત સ્ટે. કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ દ્વારા પુસ્તક આપી કરવામાં આવેલ. અંતમાં રાજયના પાણી પુરવઠા અને પશુ-પાલન વિભાગના માન. મંત્રીશ્રી બાબુભાઇ બોખીરીયા દ્વારા ધ્વજ લહેરાવી રથ યાત્રાને પ્રસ્થાન કરાવેલ.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા. ૬-૯-૨૦૧૭ થી તા. ૧૫-૯-૨૦૧૭ દરમિયાન તમામ વોર્ડમાં મા નર્મદા મહોત્સવની ઉજવણી થનાર છે. મા નર્મદા મહોત્સવમાં રાજય સરકારના માર્ગદર્શન હેઠળ બે રથ બનાવવામાં આવેલ છે. આ રથમાં નર્મદા મૈયાનું સ્ટેચ્યુ, કળશ તેમજ રથ સુશોભિત કરવામાં આવેલ છે. તા. ૬-૯-૨૦૧૭ થી દરરોજ બે વોર્ડમાં નર્મદા યાત્રા નીકળશે. નર્મદા યાત્રા સવારે ૮.૦૦ થી ૧.૦૦ અને બોપરે ૪.૦૦ થી ૭.૦૦ સુધી વોર્ડના જુદા જુદા વિસ્તારોમાંથી પસાર થશે. પ્રસ્થાન સમયે પદાધિકારીઓ, સંતો, મહંતો, સ્થાનિક આગેવાનો દ્વારા સ્વાગત થશે. ત્યારબાદ નિયત કરેલ રૂટ પર યાત્રા આગળ વધશે અને સ્થાનિક આગેવાનો દ્વારા સ્વાગત થશે. ત્યારબાદ નિયત કરેલ રૂટ પર યાત્રા આગળ વધશે અને જુદા જુદા ત્રણ સ્થળોએ સરદાર સરોવર બંધ થકી ગુજરાતને થનાર ફાયદાની સીડી નિદર્શન કરાશે, ત્યારબાદ સાંજે પુર્ણાહુતિ સમયે સ્થાનિક રહેવાસીઓ દ્વારા આરતી થશે અને પ્રસાદનું વિતરણ કરવામાં આવશે. આ યાત્રામાં વિસ્તારના રહેવાસીઓ, સંસ્થાઓ, સંતો મહંતો, સમાજના આગેવાનો વિગેરે જોડાશે. નર્મદા યોજનાથી ગુજરાત નંદનવન બનશે અને ખેડૂતોને સિંચાઇ માટે પાણી મળવાથી ખેત ઉત્પાદનમાં વધારો થશે તેમજ રાજયના ૪ કરોડ લોકોને પીવાનું પાણી મળશે.

> **‘રાજયની ૧૮ લાખ હેકટર જમીન પિયત થશે તથા પીવાના પાણી તથા ખેડૈતો માટેના પાણીનો પ્રશ્ન કાયમને માટે હલ થશે. રાજકોટ શહેરને ૨૭૦ MLD કાયમી પાણીની જરૂરિયાત હતી તે હલ થઇ ગઇ.’**
>
> **- શ્રી બાબુભાઇ બોખીરીયા**
> **માન. મંત્રીશ્રી, પાણી પુરવઠા અને પશુ-પાલન વિભાગ, ગુજરાત રાજય**














સટી ફોર ઓલ (સર્વને માટે રહેવા લાયક શહેર) વિષય પર યોજાયેલ કોન્ફરન્સ

# દક્ષિણ કોરીયામાં 'સિટી ફોર ઓલ' વિષય પર કોન્ફરન્સ યોજાઇ મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાયએ પ્રેઝન્ટેશન રજુ કર્યું...

તા.૨૫-૯-૨૦૧૭ અને તા. ૨૬-૯-૨૦૧૭ દરમિયાન દક્ષિણ સુઓન શહેર ખાતે સિટી ફોર ઓલ (સર્વેને માટે રહેવા લાયક શહેર) વિષય પર યોજાયેલ કોન્ફરન્સમાં ભાગ લેવા ભારત ભરમાંથી ફકત રાજકોટના માન. મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાયને નિમંત્રણ મળેલ. આ વર્કશોપના અનુસંધાને તમામ ખર્ચ સુઓન શહેર તરફથી આપવામાં આવેલ હોવાથી વર્કશોપમાં મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાય સુઓન ભાગ લેવા ગયેલ છે.




## રાજકોટ કોર્પોરેશનની કાર્બન ઘટાડવા અને પર્યાવરણની જાળવણીની કામગીરીથી વર્કશોપમાં ઉપસ્થિત જુદા જુદા દેશના મેયરશ્રીઓ તથા પ્રતિનિધિઓ પ્રભાવિત થયેલ

આ કોન્ફરન્સમાં આજ રોજ મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાય એ રાજકોટ મહાનગરપાલિકાની કાર્બન ઘટાડવાની, પર્યાવરણ, સ્વચ્છતા જેવા જુદા જુદા વિષયો પર પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવેલ. આ પ્રેઝન્ટેશનમાં શહેરની તમામ સ્ટ્રીટ લાઇટને એલ.ઇ.ડી. લાઇટમાં પરિવર્તિત કરી ૯.૮ મિલીયન પાવરની બચત તેમજ ૭ હજાર ટનનો ઘટાડો થશે આ ઉપરાંત કોર્પોરેશન કચેરીમાં LED લાઇટ નાખતા ૮૪ ટન કાર્બનનો ઘટાડો થશે. કોર્પોરેશનની તમામ કચેરીમાં સોલાર રૂફ ટોપ સિસ્ટમ મુકવામાં આવેલ છે. જેના કારણે ૦.૭ મિલીયન કિલો વોટ એનર્જી પ્રાપ્ત થયેલ છે. આ ઉપરાંત શહેરમાં બે લાખ થી વધુ વૃક્ષ વાવી પર્યાવરણનું જતન કરેલ છે તેમજ ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનમાં પણ ખુબ જ સફળતા મળેલ છે. સાથોસાથ BRTS રોડ પર બસ સર્વિસીઝનો પણ બહોળી સંખ્યામાં લોકો ઉપયોગ કરે છે. શહેરમાં જુદા જુદા સ્થળોએ સાયકલ સ્ટેશન બનાવી સાયકલ શેરિંગનો પ્રોજેક્ટ શરૂ કરેલ છે.

પ્રેઝન્ટેશન બાદ ગ્રુપમાં પ્રશ્નોતરી રાખવામાં આવેલ. જેમાં જુદા જુદા પ્રશ્નો અંગે ચર્ચા થયેલ. તેમાં ખાસ કરીને શહેરીજનોનો કેવો સહકાર મળે છે. તે પ્રશ્ન પૂછવામાં આવેલ. જેમાં મેયરશ્રીએ જણાવેલ કે, ગાર્બેજ કલેકશન, માસ ટ્રાન્સપોર્ટ, વૃક્ષારોપણ વિગેરે સેવાઓમાં પણ શહેરીજનોનો તેમજ સામાજિક સંસ્થાઓનો ખુબ જ સહયોગ મળે છે પ્રશ્નોતરી તેમજ પ્રેઝન્ટેશનના સેશનમાં જુદા જુદા દેશના ૧૧ મેયરો તથા અન્ય મહાનુભાવો, અધિકારીઓ રાજકોટ શહેરની કામગીરીથી ખુબ જ પ્રભાવિત થયેલ.WWF દ્વારા સને ૨૦૧૬માં ભારતમાંથી એક માત્ર રાજકોટ શહેરને 'નેશનલ અર્થ અવર' કેપિટલ શહેર તરીકે જાહેર કરવામાં આવેલ તેમ અંતમાં મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાયે જણાવેલ હતું.









# રાજકોટ સ્કલ્પચર પ્રોજેક્ટ : શહેરની ખુબસુરતી નિખરી ઉઠશે

રાજકોટ શહેરનો સ્માર્ટ સિટીમાં સમાવેશ થયેલ છે. રાજકોટ શહેરને સુંદર, રળીયામણું અને સ્વચ્છ બનાવવાની ઝુંબેશના ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરનાં જુદા-જુદા સર્કલો, રોડ ડીવાઇડર, બી.આર.ટી.એસ. તેમજ રેસકોર્ષ ગ્રાઉન્ડ અને અન્ય પાર્ક તબક્કાવાર વિકાસ કરવાનું આયોજન કરેલ છે, તેમ માન. મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાય તેમજ રાજકોટ મહાનગરપાલિકાના કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું.

આ આયોજન વિષે માહિતી આપતાં માન. મેયરશ્રી ડૉ. .જૈમનભાઇ ઉપાધ્યાયએ જણાવ્યું હતું કે, ભાગરૂપે તેમજ રાજકોટ શહેરનાં ઐતિહાસિક વારસાને જીવંત રાખવા રાજકોટ શહેરના જુદા-જુદા ચોકમાં સ્ટોનમાંથી તૈયાર કરાયેલ સ્કલ્પચર તેમજ રાજકોટ મહાનગરપાલિકાના સેન્ટ્રલ સ્ટોર માં પડેલા સ્ક્રેપ મટીરીયલ્સ જેવા કે પાઇપો, જાળી, બિલ્ડીંગ મટીરીયલ્સ, ટાયરો, મશીનરી પાર્ટસ વિગેરે જેવી વસ્તુમાંથી સ્કલ્પચર બનાવી શહેરનાં વિવિધ સ્થળોએ પ્રસ્થાપિત કરી શહેરની ખુબસુરતીમાં વધારો કરવામાં આવશે.

સ્કલ્પચર માટે રાજકોટ મહાનગરપાલિકાએ સ્ક્રેપ મટીરીય--લ્યસમાંથી સ્કલ્પચર તૈયાર કરાવવા સુરત મહાનગરપાલિકામાં સફળતાપૂર્વક કામગીરી કરનાર શ્રી આર્ટજન એજન્સી સાથે તેમજ સ્ટોન ટેકનોલોજી-જયપુર સાથે સ્ટે. કમિટી ઠરાવ નં. ૨૧૦, તા. ૭-૯-૨૦૧૭ થી મળેલ મંજુરી મુજબ કરાર કરેલ છે.

ઉપરોક્ત બન્ને એજન્સી રાજકોટ શહેરમાં તા. ૨૫-૯-૨૦૧૭ થી તા. ૮-૧૦-૨૦૧૭ સુધી રેસકોર્ષમાં આર્ટ ગેલરી પાસેના ગ્રાઉન્ડમાં સ્કલ્પચર વર્કશોપ યોજાયો હતો.

જેમાં શ્રી આર્ટજન-સુરત સ્ક્રેપ મટીરીયલ્સ માંથી ૧૦ થી ૨૦ ફુટ ઉંચાઇ સુધીનાં સ્કલ્પચર તૈયાર કરશે. જેમાં ઘોડો, સ્માર્ટ સિટી લોગો, ગ્રાઉન્ડનર (સિંગ દાણો), બ્લેકબક, સિંહ, ગાંધીજી નો ચરખો, મટકુ, ભાતીગળ પહેરવેશ ધારવતા માણસની પ્રતિકૃતિ, રાજકોટ શહેરની એન્જીનિયરીંગ ઓળખ આપતું સ્કલ્પચર વિગેરે તૈયાર કરવામાં આવશે.

વધુમાં, સ્ટોન ટેકનોલોજી સેન્ટર-જયપુર મારફત જુદા-જુદા રાજ્યોમાંથી આવેલ સ્કલ્પચર આર્ટીસ્ટ દ્વારા જુદી-જુદી પ્રતિકૃતિઓ તૈયાર કરવામાં આવનાર છે. જેમાં મુવિંગ આઇ, શીપ, બેટી બચાવો પ્રતિકૃતિ, સેવ ટ્રી, સેવ પ્લાનેટ, પર્યાવરણ ઉત્તેજન મળે તે હેતુસરની પ્રતિકૃતિ, ગીતાર, બ્લેન્ક સ્પેસ એટલે કે પુરાણી સંસ્કૃતિમાં જે ગુફાઓ-કેવ તૈયાર કરવામાં આવતી તેનું પ્રતિબિંબ, સ્ટોન પીસમાંથી એનર્જી ચેર વિગેરે પ્રકારનાં સ્કલ્પચર તૈયાર કરવામાં આવનાર છે. આ વર્કશોપમાં એચ. જે. ઇન્ડસ્ટ્રીયલ એશોસીએશન પણ સ્ક્રેપ આપી તેઓનું યોગદાન આપનાર છે.

આ વર્કશોપ સવારે ૧૧.૦૦ કલાક થી સાંજે ૭.૦૦ કલાક સુધી કાર્યરત રહેલ. જેમાં તમામને ફ્રી એન્ટ્રી અપાઇ હતી. આ વર્કશોપમાં કલાકારોને પ્રોત્સાહિત કરવા તથા સમગ્ર આયોજનને સફર બનાવવા માન. મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાય અને મ્યુનિસિપલ કમિશનરશ્રી બંછાનિધિ પાની અને તંત્રએ જહેમત ઉઠાવી હતી.



**રાજકોટ મહાનગરપાલિકામાં પડેલા સ્ક્રેપ મટીરીયલ્સ જેવા કે પાઇપો, જાળી, બિલ્ડીંગ મટીરીયલ્સ, ટાયરો, મશીનરી પાર્ટસ વિગેરેમાંથી સ્કલ્પચર બનાવવાનું આયોજન.**












### ગુજરાત સરકારશ્રીના 'જ્ઞાન કુંજ' પ્રોજેક્ટ હેઠળ શિક્ષણ દિનના મંગલ પાવન અવસરે

# ૧૮ પ્રાથમિક શાળાઓને 'સ્માર્ટ સ્કૂલ' માં તબદિલ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્માર્ટ સિટી મિશન હેઠળ વિવિધ પ્રકલ્પો પર કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે ત્યારે આગામી સપ્તાહમાં એક મહત્વપૂર્ણ કદમમાં શૈક્ષણિક ક્ષેત્રને આવરી લેવાનું નક્કી કરવામાં આવેલ છે. મહાનગર--પાલિકા દ્વારા ગુજરાત સરકારશ્રીના 'જ્ઞાન કુંજ' પ્રોજેક્ટ હેઠળ આજે શિક્ષણ દિન જેવા પાવન અવસરે કુલ ૧૮ પ્રાથમિક શાળાઓને 'સ્માર્ટ સ્કૂલ'માં તબદિલ કરવામાં આવેલ છે. રાજકોટ મહાનગરપાલિકાની ૧૮ પ્રાથમિક શાળાઓમાં ઈન્ટરેક્ટિવ બોર્ડ અને પ્રોજેક્ટર ઈન્સ્ટોલ કરી કાર્યરત કરી દેવામાં આવેલ છે તેમ આજે મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું.

કમિશનરશ્રી બંછાનિધિ પાની એ આજે સહકાર મેઈન રોડ પર શાળા નં. પર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ઉપસ્થિત રહી ઈન્ટરેક્ટિવ બોર્ડ અને પ્રોજેક્ટરનું કાર્ય જાતે નિહાળ્યું હતું. તેમજ શાળાના છાત્રોને પણ તેના વિષે સમજ આપી હતી.

આ પ્રોજેક્ટ વિશે વધુ માહિતી આપતા એમ જણાવ્યું હતું કે, આજ તા. ૫-૯-૨૦૧૭ ને મંગળવારથી આ ૧૮ પ્રાથમિક શાળાઓને 'સ્માર્ટ સ્કૂલ'માં કન્વર્ટ કરી દેવામાં આવી છે. આ પ્રોજેક્ટ હેઠળ આ દરેક સ્કૂલમાં લેટેસ્ટ પ્રોજેક્ટ ઉપરાંત ઈન્ટરેક્ટિવ બોર્ડની સુવિધા ઉપલબ્ધ બનાવવામાં આવેલ છે. ધો. ૭ અને ૮ માટે સ્કૂલને એક એક લેપટોપ પણ આપવામાં આવેલ છે.

શ્રી બંછાનિધિ પાનીએ વિશેષમાં ઉમેર્યું હતું કે, ઉપરોક્ત સુવિધાઓ ઉપલબ્ધ બનાવવા માટે એક સ્કૂલ દીઠ આશરે રૂા. ૨ લાખનો ખર્ચ થશે. તમામ ૧૮ પ્રાથમિકશ સ્કૂલોને ઉપરોક્ત મોડર્ન ફેસિલિટી આપવા માટે થનાર કુલ આશરે રૂા.૩૬ લાખની રકમ રાજ્ય સરકારશ્રીના 'જ્ઞાન કુંજ' પ્રોજેક્ટમાંથી મળી રહેશે. આમ રાજકોટ મહાનગરપાલિકા ઉપર વધારાનો કોઇ આર્થિક બોજ પણ નહિ આવે અને સ્કૂલોને આધુનિક સાધનો પ્રાપ્ત થયેલ છે.

તેમણે એમ પણ કહ્યું હતું કે, 'સ્માર્ટ સ્કૂલ' બનનાર આ શાળાઓમાં લેટેસ્ટ પ્રોજેક્ટર ઉપરાંત ઈન્ટરેક્ટિવ બોર્ડની સુવધા પ્રાપ્ત થતા વિદ્યાર્થી ભાઇ-બહેનોને ઓડિયો-વિજ્યુઅલ માધ્યમથી અભ્યાસ કરવાનો મોકો મળશે. પરંપરાગત સાધનો અને પદ્ધતિથી થઇ રહેલા શૈક્ષણિક કાર્યના સ્થાને હવે આ સ્કૂલોમાં લેટેસ્ટ ટેકનોલોજી વાળા સાધનોથી અભ્યાસ હોઇ છાત્રોની ભણતર પ્રત્યેની રૂચિમાં પણ સ્વાભાવિક રીતે જ વધારો થઇ શકશે. માત્ર એટલું જ નહી, શિક્ષક ભાઇ-બહેનો માટે પણ આ એક નવો આધુનિક અભિગમ બનશે. છાત્રો અભ્યાસ પ્રત્યે વધુ સભાન બની શકે તેવી મહાનગરપાલિકાની આ પહેલ જે તે સ્કૂલના છાત્રોના શૈક્ષણિક સ્તરમાં નોંધપાત્ર વૃદ્ધિ કરવામાં નિમિત બની શકશે. એવી જ રીતે ધો. ૭ અને ૮ના છાત્રો માટે જે તે પ્રાથમિક સ્કૂલને લેપટોપ આપવામાં આવનાર છે અને ઓડિયો વિડીયો માધ્યમથી તમામ વિષયોનો અભ્યાસ કરાવવામાં આવશે.



વિશાળ કદના આઈ ઈન્ટરેક્ટિવ બોર્ડમાં મોબાઈલ ફોનની ટચ સ્કીન માફક જ હાથેથી ટચ કરી અલગ અલગ કમાન્ડ આપી વિવિધ પ્રવૃત્તિઓ કરી શકાશે.

કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ સહકાર મેઈન રોડ પર શાળા નં.પર ખાતે યોજેલ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી ઈન્ટરેક્ટિવ બોર્ડ અને પ્રોજેક્ટરનું કાર્ય જાતે નિહાળ્યું.

કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ઈન્ટરેક્ટિવ બોર્ડ વિશે થોડી જાણકારી આપતા એક કહ્યું હતું કે, વિશાળ કદના આ ઈન્ટરેક્ટિવ બોર્ડમાં મોબાઈલ ફોનની ટક સ્ક્રીનની માફક જ હાથેથી ટચ કરી અલગ અલગ કમાન્ડ આપી શકાય છે. વિવિધ પ્રકારની લાક્ષણિકતા ઓ ધરાવતા આ બોર્ડમાં વિડીયો પણ પ્લે કરી શકાય છે. કેલ્કયુલેટરની જેમ દાખલા ગણી શકાય છે. ચિત્રો દોરી શકાય એવી વિગેરે જેવી અનેક પ્રવૃત્તિઓ થઇ શકશે.

અન્ય એક મહત્વપૂર્ણ ઘોષણા કરતા કમિશનરશ્રીએ એમ કહ્યું હતું કે, પ્રથમ તબક્કામાં ઉપરોક્ત ૧૮ શાળાઓને સ્માર્ટ સ્કૂલ બનાવ્યા બાદ હવે બીજા અને ત્રીજા તબક્કામાં અન્ય કેટલીક સ્કૂલોને પણ આવરી લેવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકાના સ્માર્ટ સિટી મિશનમાં શહેરની ભૌતિક સુખ સુવિધાઓની સાથોસાથ છાત્રોની બૌદ્ધિક પ્રતિભા વિકસાવી તેમને સક્ષમ અને પ્રતિભાશાળી નાગરિક બનાવવા શૈક્ષણિક ક્ષેત્રને પણ આધુનિક સુવિધાઓથી સજ્જ કરવાના પ્રોજેક્ટનો સમાવેશ કરવામાં આવેલો છે.



# મિશન સ્માર્ટ સિટી દ્વારા ફન સ્ટ્રીટની પૂનઃ પ્રારંભઃ

## સફાઇ કામદારોને નવી રૂા.૨૦૦ની નોટ અપાઇ



રાજકોટની પ્રજાની આતુરતાનો અંત. ફન સ્ટ્રીટ ફરી શરૂ થઇ ગઇ છે. ચોમાસાના અઢી મહિનાના વેકેશન બાદ નવા ઉમંગ, જોશ અને ઉત્સાહ સાથે તા.૧૦-૯-૧૭ ને રવિવારના રોજ રાજકોટ મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીની ઉપસ્થિતિમાં ફન સ્ટ્રીટમાં એક નવો જ ઉમંગ જોવા મળ્યો. ફન સ્ટ્રીટ, ચિત્ર નગરી અને રાજકોટ મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે આ કાર્યક્રમ યોજાયો હતો.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા મુખ્ય બ્રાન્ચના સહયોગથી તાજેતરમાં જ બહત પડેલ રૂા.૨૦૦/- ની નવી નોટ અને રૂા. ૧, ૨ અને પાંચના સિકકાનું વિતરણ ફન સ્ટ્રીટ ખાતે કરવામાં આવ્યું, કુલ રૂા.૧૫ લાખનું વિતરણ બે કલાકમાં કરવામાં આવ્યું. પાંચ લકકી વિજેતાને રૂા.૨૦૦/- ની નવી નોટ વિના મુલ્યે આપવામાં આવી હતી. સ્વચ્છતા અભિયાન ના ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પાંચ લકકી વિજેતાને ડસ્ટબીન આપવામાં આવેલ. રેસકોર્ષ ખાતે સફાઇ કરતાં પાંચ સનિષ્ઠ સફાઇ કામદારોને રૂા.૨૦૦/- ની નવી નોટ મ્યુનિસિપલ કમિશનરશ્રી બંછાનિધિ પાનીના હસ્તે આપી સન્માનિત કરવામં આવેલ.

આ અવસરે ફન સ્ટ્રીટ અને ચિત્ર નગરીના સંયોજક શ્રી જીતુભાઇ ગોટેચા તથા અન્ય હોદ્દેદારો દ્વારા મ્યુનિ. કમિશનર શ્રી બંછાનિધિ પાનીનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત તેમને એક સ્મૃતિ ચિહ્ન પણ ભેટ અપાયું હતું.



બે વર્ષથી વધુ સમયથી કાર્યરત ફન સ્ટ્રીટમાં વિસરાઇ ગયેલી રમત-ગમતનો આનંદ ચારથી પાંચ હજાર લોકો દર રવિવારે સવારે ૭.૦૦ થી ૯.૦૦ ફન સ્ટ્રીટ (બાલ ભવનથી સ્વીમીંગ પુલનો માર્ગ) ખાતે માણતા જોવા મળે છે. હવેથી દર રવિવારે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા અભિયાનના ભાગ રૂપે પાંચ લોકોને વિના મુલ્યે ફન સ્ટ્રીટ ખાતે ડસ્ટબીન આપવામાં આવશે.

મિશન સ્માર્ટ સિટી ટ્રસ્ટ દ્વારા ફન સ્ટ્રીટ ઉપરાંત રાજકોટની આગવી ઓળખ બની ચુકેલ ચિત્ર નગરી પ્રોજેકટમાં દસ હજારથી વધુ વોલ પેન્ટિંગ ચિત્ર નગરીના એક હજાર કલાકારો દ્વારા બનાવવામાં આવેલ છે. જે રાજકોટની સુંદરતામાં વધારો કરી રહયા છે. જમવામાં અનાજનો બગાડ ન થાય તે માટે સ્વચ્છ થાલી અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે તે ઉપરાંત દર રવિવારે નો મોબાઇલ ઓન સન્ડે અંતર્ગત દર રવિવારે મોબાઇલને વિરામ આપી, નેટ બંધ રાખીને આ સમયે કુટુંબ, સગાવહાલા તેમજ મિત્ર વર્તુળમાં વધુ સમય પસાર કરવો તેવી ઝુંબેશ શરૂ કરવામાં આવેલ છે.






## રાજકોટ મહાનગરપાલિકા દ્વારા

# વોર્ડ નં. ૧માં રૈયાધાર ખાતે BSUP-3 હેઠળ બની રહેલ આવાસોનો નંબર ફાળવણી ડ્રો

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૧૮-૯-૨૦૧૭ના રોજ શ્રી સ્વામી વિવેકાનંદ ઓડિટોરિયમ ખાતે વોર્ડ નં. ૧ રૈયાધાર ખાતે બી.એસ.યુ.પી.-૩ હેઠળ બની રહેલ ૩૩૬ આવાસોનોનંબ ફાળવણી ડ્રો રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઇ મીરાણીના વરદ હસ્તે કરવામાં આવેલ. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને માન. મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાય ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી ભાનુબેન બાબરિયા, રાજકોટ શહેર ભાજપ પૂર્વ પ્રમુખશ્રી ભીખાભાઇ વસોયા, ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, સ્ટે. કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ, રાજકોટ શહેર ભાજપ મંત્રીશ્રી ચારુબેન ચૌધરી, શાસક પક્ષ નેતાશ્રી અરવિંદભાઇ રૈયાણી, હાઉસિંગ કમિટી ચેરમેનશ્રી કિરણબેન સોરઠિયા તથા બાંધકામ સમિતિ ચેરમેનશ્રી મુકેશભાઇ રાદડિયા, વોર્ડ નં. ૧ના કોર્પોરેટરશ્રીઓ દેવરાજભાઇ મકવાણા, વોર્ડ પ્રમુખશ્રી રસિકભાઇ બદ્રકિયા, મહામંત્રીશ્રી કાનજીભાઇ ખાણધર, ભાજપ યુવા મોરચાના મહામંત્રીશ્રી યોગરાજસિંહ ચુડાસમા, શિક્ષણ સમિતિના સભ્ય શ્રી કિરણબેન માકડીયા, શ્રી મુકેશભાઇ મહેતા તેમજ આવાસના લાભાર્થીઓ વિગેરે ઉપસ્થિત રહેલ હતા.

આ અવસરે માન. મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાયે સૌ પ્રથમ ટુંકા સમયમાં જેને આવાસો મળનાર છે અને આજે જેનો નંબર ફાળવણી ડ્રો છે તેવા તમામ લાભાર્થીઓને શુભેચ્છા. વિશેષમાં જણાવેલ કે, સંવેદનશીલ સરકાર કોને કહેવાય, ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી ના નેતૃત્વવાળી સરકાર લોકોને જે પ્રશ્નની પીડા થાય તેનું નિરાકરણ લાવે અને લોકોને રેશનકાર્ડ કે સરકારની જુદી જુદી યોજના માટે કચેરીઓમાં ધક્કા ન ખાવા પડે તે માટે પોતાના વિસ્તારમાં જ બે બે વખત સેવાસેતુ યોજાયા, ગરીબોને આવાસ મળે તેવા આયોજનો યુ.એલ.સ. હેઠળ રહેતા લોકોને માલિક બનાવેલ છે. તેમજ આજનો યુવાન દારૂ કે હુક્કાબારના રવાડે ન ચડે તે માટે કાયદો કડક બનાવ્યો આમ, ગરીબ અને મધ્યમવર્ગના લોકો માટે અનેક કાર્યો કરેલ છે, તેને સંવેદનશીલ સરકાર કહેવાય. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ પણ સૌનો સાથ સૌનો વિકાસ સુત્ર આપી ગરીબ અને છેવાડાનો માનવી સક્ષમ બને અને સારી રીતે જીવી શકે તે દિશામાં ભારત સરકાર આગળ વધી રહી છે. ૨૦૨૨ સુધીમાં તમામને ઘરનું ઘર હોય તે રીતે ભારત સરકાર સંકલ્પબદ્ધ છે આવાસ ના લાભાર્થીઓને જણાવેલ કે, તમારા બાળકોને નવું મકાન ગમશે અને રહેવું ગમશે જેથી લાભાર્થીઓ આ નવું મકાન વહેચશો નહિ તેમ અંતમાં જણાવેલ.

આ અવસરે ધારાસભ્યશ્રી ભાનુબેન બાબરિયાએ જણાવેલ કે, આગામી ટુંકા સમયમાં આવાસ મળનાર લાભાર્થીઓ પોતાના આવાસમાં સુખશાંતિથી રહે અને ખુબ જ પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવેલ, ભાજપની સરકાર જે કામ જાહેર કરે છે તે પરિપૂર્ણ કરે છે ભૂતકાળની સરકારે અત્યાર ઝુપડપટ્ટીની જગ્યાએ ક્યારેય આવાસો બનાવેલ નહિ, જયારે ભાજપની સરકારે ગંદકી અને ઝુપડપટ્ટીના લોકોનું જીવન ધોરણ ઉંચું આવે તે માટે એ જ જગ્યાએ સુવિધા સાથેના સુંદર આવાસો બનાવવામાં આવી રહયા છે. ભાજપ ગેરમાર્ગે દોરવા વારી સરકારી નથી, ભૂતકાળમાં કોંગ્રેસએ ગત વિધાનસભાની ચુંટણી વખતે ઘરના ઘર માટે ફોર્મ વહેચી બહેનોને ગેરમાર્ગે દોરેલ, હાલમાં વિકાસના નામે ખોટો અપ્રચાર કરી રહેલ છે પરંતુ ભાજપે લોકોના હિતમાં અનેક કાર્યો કરી ખરેખર વિકાસ કરેલ જ છે.

રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઇ મીરાણીના વરદ હસ્તે આવાસ ફાળવણી ડ્રો કરવામાં આવેલ અને ઉપસ્થિત રહેલા મહાનુભાવોના વરદ હસ્તે પણ નંબર ફાળવણી ડ્રો કરવામાં આવેલ. ત્યારબાદ કાર્યક્રમની શરૂઆત માં બાંધકામ સમિતિ ચેરમેનશ્રી મુકેશભાઇ રાદડિયા દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરેલ, હાઉસિંગ કમિટીના ચેરમેનશ્રી કિરણબેન સોરઠીયાએ સૌ મહાનુભાઓને પુસ્તક અર્પણ કરી સ્વાગત કરેલ, કાર્યક્રમના અંતે આભારવિધિ શ્રી બાબુભાઇ આહિરે કરેલ. કાર્યક્રમનું સંચાલન ડૉ. સંજય કામદારે કરેલ હતું.



## હજારો શહેરીજનોએ મુલાકાત લીધીઃવિવિધ ચીજ વસ્તુઓનું ધૂમ વેંચાણ

# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા યોજાયેલ નવરાત્રિ મેળાનું સમાપનઃ



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આગામી નવરાત્રિ તથા દિપોત્સવી પર્વની અનુલક્ષીને સક્ષમ રાજકોટ અંતર્ગત રાષ્ટ્રીય આજીવિકા મિશન યોજના અંતર્ગત કાર્યરત સખીમંડળના બહેનોને રોજગારી મળી રહે અને પગભર થાય તે હેતુથી તા. ૯-૯-૨૦૧૭ થી તા. ૧૩-૯-૧૭ સુધી પાંચ દિવસ માટે ફન વર્લ્ડની બાજુમાં આવેલ રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલ નવરાત્રિ મેળાનું તા. ૧૩મીએ બુધવારે રાત્રે ૧૦.૦૦ કલાકે સમાપન થયું હતું. સમાપન અવસરે શીશુ કલ્યાણ ખાસ ગ્રાન્ટ સંચાલિત સમિતિના ચેરમેનશ્રી જાગૃતિબેન ઘડિયાએ જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા યોજીત નવરાત્રિ મેળામાં શહેરીજનોનો અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડયો એ હકિકત આ આયોજનની સફળતા સૂચવે છે. લોકો ખુબ મોટી સંખ્યામાં નવરાત્રિ મેળા દરમ્યાન રોજે રોજ મહાનુભાવો દ્વારા મુલાકાત લઇ મહાનગરપાલિકા અને સખી મંડળના બહેનોના ઉત્સાહમાં જબરદસ્ત વધારો કર્યો હતો.

નવરાત્રિ મેળામાં પાંચ દિવસ દરમ્યાન સખી મંડળોના કુલ ૧૪૩ સ્ટોલ પર વેંચાણમાં મુકાયેલી વિવિધ ચીજ વસ્તુઓની ખરીદીનો લોકોએ લાભ લીધો હતો. પાંચ દિવસમાં લોકોએ કુલ રૂા.૧૦ લાખથી પણ વધુના મૂલ્યની ચીજો ખરીદી હતી. તથા બહેનોને વેચાણ અંગેના ઓર્ડર પણ મળેલ છે.

તા. ૯-૯-૨૦૧૭ના રોજ સાંજે ૬.૦૦ કલાકે ઉદઘાટન થયા બાદ રાત્રીના ૧૦.૦૦ કલાક સુધીમાં હજારો લોકોએ મેળાની મુલાકાત લીધી હતી અને સખી મંડળના બહેનો દ્વારા ઉત્પાદિત વિવિધ ચીજ વસ્તુઓના સ્ટોલની વિઝિટ કરી હતી. આ ચાર કલાક સુધીમાં, લોકોએ કુલ રૂા.૧,૨૪,૦૦૦ ના મૂલ્યની ચીજવસ્તુઓ ખરીદી હતી.

રવિવારે રજાનો દિવસ હોઇ લોકો ખુબ બહોળી સંખ્યામાં મેળાની મુલાકાતે આવતા રહયા હતા. જેના કારણે રાત્રે મેળો બંધ થવાનો નિર્ધારિત સમય ૧૦.૦૦ કલાકને બદલે પોલીસ વિભાગની અનુમતિ સાથે એક કલાક લંબાવી દેવામાં આવ્યો હતો. જોકે આમ છતાં રાત્રે ૧૧.૦૦ કલાકે પણ લોકોનો પ્રવાહ મેળા તરફ અવિરત ચાલુ જ રહેતા સુરક્ષા અને સલામતીના કારણોસર રાત્રે ૧૧ કલાકે બંધ કરવાની રાજકોટ મહાનગરપાલિકાને ફરજ પડી હતી. વિશેષમાં રવિવારે આખા દિવસ દરમ્યાન લોકોએ વિવિધ સ્ટોલમાંથી રૂા.૩,૦૫,૦૦૦ના મૂલ્યની ચીજ વસ્તુઓની ખરીદી કરી સખી મંડળના બહેનો અને રાજકોટ મહાનગરપાલિકાનો ઉત્સાહ વધાર્યો હતો. નવરાત્રિ મેળામાં ખાણીપીણીના સ્ટોલની પણ વ્યવસ્થા રાખવમાં આવેલ હતી. રવિવારે આશરે ૧૦,૦૦૦ થી વધારે લોકોએ નવરાત્રી મેળાની મુલાકાત લીધી હતી.

નવરાત્રી મેળા-૨૦૧૭ સમાપ્તી માં શિશુ કલ્યાણ અને ખાસ ગ્રાન્ટ સમિતિના ચેરમેનશ્રી જાગૃતિબેન ઘાડીયાએ ૧૪૩ સખી મંડળો દ્વારા વેચાણ થયેલની વિગતોની માહિતી મેળવી હતી. અને સખી મંડળના બહેનો દ્વારા આવા મેળા દર વર્ષે યોજવા જોઇએ અને બહેનોને પગભર થઇ રોજગારી મેળવી શકાય તેવો બહેનોનો અભિપ્રાય મળેલ છે. આ નવરાત્રી મેળા-૨૦૧૭ માધ્યમિક શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી રૂપાબેન શીલુ અને અન્ય કોર્પોરેટરશ્રીઓ ઉપસ્થિત રહયા હતા.

તેમજ તા. ૧૧મીએ લોકોએ રૂા.૧,૩૫,૦૦૦ તથા તા. ૧૨ના રોજ ૨,૨૯,૦૦૦ અને તા. ૧૩મીએ ૨,૬૮,૦૦૦ ના મૂલ્યની ચીજ વસ્તુઓની ખરીદી કરી હતી. આ નવરાત્રી મેળામાં રાખવામાં આવેલા વિવિધ સ્ટોલમાં ૧૪૩ થી વધુ સખી મંડળના બહેનો દ્વારા નવરાત્રી પર્વને અનુલક્ષીને ચણીયા ચોલી, વિવિધ જાતના એન્ટીક ઓર્નામેન્ટસ, હાથ બનાવટની વિવિધ હેન્ડીક્રાફટની આઇટમો, ખાણી-પીણીની આઇટમો ઉપરાંત સખી મંડળની બહેનો દ્વારા બનાવેલ વિવિધ કલા-કૃતિઓનું વેચાણ તથા પ્રદર્શન રાખવામાં આવેલ છે. નવરાત્રી મેળાનો મુખ્ય ઉદ્દેશ દેશના માન. વડાપ્રધાનશ્રી અને ગુજરાત રાજયના માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા શરુ કરવામાં આવેલ ૨,૦૦,૦૦૦ સખી મંડળો કે જેમાં બહેનો કામ કરીને રોજીરોટી મેળવે તે માટે એક પ્લેટફોર્મ આપવાનું કામ કરેલ છે. રાજકોટ મહાનગર--પાલિકા દ્વારા આયોજિત નવરાત્રી મેળામાં ૧૪૩ થી વધારે સ્ટોલ દ્વારા રાખવામાં આવ્યા છે. આ મેળામાં પ્રોજેકટ શાખાના આસીસ્ટન્ટ મેનેજર શ્રી કે. ડી. વાઢેર કોમ્યુનીટી ઓર્ગેનાઇઝર શ્રી દિપ્તીબેન અગરિયા, શ્રી આર. એ. મુનિયા, શ્રી જે. એલ. વ્યાસ, શ્રી એન. આર. કાથડ, શ્રી ટી. બી. જાંબુકિયા, શ્રી ધવલભાઇ કાલરીયા, શ્રી જીજ્ઞાસાબેન રાવલ, શ્રી રવિભાઇ જોષી, શ્રી ફાલ્ગુનભાઇ જોષી, શ્રી એન.યુ.એલ.એમ. શાખાનાં કોમ્યુનિટી ઓર્ગેનાઇઝેરશ્રીઓએ જહેમાત ઉઠાવી હતી.



### રાજકોટ મહાનગરપાલિકામાં

## પાર્ટટાઇમ ફરજ બજાવતા સફાઇ કામદારોને કાયમી કર્મચારી તરીકે પદાધિકારીઓના હસ્તે ઓર્ડર એનાયત

**રાજકોટ મહાનગરપાલિકામાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગમાં પાર્ટ ટાઇમ તરીકે ફરજ બજાવતા કર્મચારીઓને ૨૫૦૦ દિવસ પૂર્ણ કરે ત્યારબાદ કાયમી કરવાનું ધોરણ હતું. પરંતુ સફાઇ કામદારોની અવાર નવાશ્ર રજૂઆત ધ્યાને લઇ તાજેતરમાં જનરલ બોર્ડમાં ઠરાવ કરી ૨૫૦૦ દિવસોના બદલે ૧૭૦૦ દિવસ પૂર્ણ કરેલ છે તે તમામ સફાઇ કામદારોને કાયમી કરવાનો નિર્ણય કરવામાં આવેલ જેના અનુસંધાને તા.૧૬-૯-૧૭ ના રોજ ૨૦ જેટલા સફાઇ કામદારોએ ૧૮૦૦ દિવસ પૂર્ણ કરેલ છે તેઓને કાયમીના ઓર્ડર માન. મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાય, ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, સ્ટે. કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ, શાસક પક્ષ દંડકશ્રી રાજુભાઇ અઘેરા, આરોગ્ય કમિટી ચેરમેનશ્રી મનીષભાઇ રાડીયા, સેનિટેશન કમિટી ચેરમેનશ્રી આશિષભાઇ વાગડિયાના વરદ્ હસ્તે આપવામાં આવેલ. આ અવસરે જાગૃતિ સફાઇ કામદાર મંડળના ભરતભાઇ બારૈયા તેમજ કાયમી થયેલ સફાઇ કામદારોએ પદાધિકારીઓનો આભાર કરી અને આનંદની લાગણી વ્યકત કરેલ હતી.**

# ગૌરવ પથ (કાલાવડ રોડ)ની બદલાતી શિકલ... સરળ પરિવહન માટે રોડની ડિઝાઇનમાં ફેરફાર

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ટ્રાફિકના પ્રશ્નોનો ક્રમશઃ ઉકેલ લાવી શહેરના રાજમાર્ગો ઉપર સરળ પરિવહન થઇ શકે તે દિશામાં વિવિધ પગલાં લેવામાં આવી રહયા છે. પ્રસ્તુત તસવીરો શહેરનાં ગૌરવ પથ એટલે કે, કાલાવડ રોડની છે. આ માર્ગ ઉપર અગાઉ ડિવાઇડરને કારણે એક બાજુના રોડની પહોળાઇ થોડી ઓછી હતી જેને કારણે એ લેનમાં વાહનોનો ઘસારો રહેતો હતો. જોકે, મ્યુનિસિપલ કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ કાલાવડ રોડના ડિવાઇડરને બરોબર રોડની મધ્યમાં શિફ્ટ કરાવી બન્ને લેનની પહોળાઇ વ્યવસ્થિત કરાવાનું કામ હાથ પર લીધેલું છે. પણ આ ઉપરાંત બા. બ્ર. પૂ. ઇન્દુબાઇ મહાસતીજી ચોક (કોટેચા સર્કલ)નાં ટ્રાફિક આઇલેન્ડનું કદ નાનું બનાવી આ ચોકમાં મહદ અંશે ટ્રાફિકનો પ્રશ્ન ઉકેલવામાં આવેલ છે. ડિવાઇડરને સેન્ટ્રલમાં લેવાની સાથોસાથ પેવર કામ પણ હાથ ધરવામાં આવ્યું છે. રાજકોટ મહાનગરપાલિકાની આ કામગીરીના પરિણામ સ્વરૂપે ગૌરવ પથ ઉપર ટ્રાફિક માટે એકદમ સુગમતા ઉપલબ્ધ થઇ શકી છે.







